
ISSN 0976 – 9609 V-Vidyanagar
વર્ષ: ૨૧ અંક: ૧ જાન્યુઆરી ૨૦૧૯ સળંગ અંક : ૫૬૭

Happy New Year

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर
कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in

Scanned with CamScanner

|| અભ્યાસ ||

## સંસ્કૃત કથા સાહિત્યમાં શૈક્ષણિક તત્ત્વ

(કથાસરિત્સાગર, પંચતંત્ર અને હિતોપદેશના વિશેષ સંદર્ભમાં)

લલિતકુમાર પટેલ

**પ્રસ્તાવનાઃ-**

સંસ્કૃતમાં વિશાળ ભારતીય કથા સાહિત્ય છે. જેની છાપ ફકત ભારતીય સાહિત્ય પર નહિ પરંતુ ભારતેતર સાહિત્ય પર પણ તેનો વ્યાપક પ્રભાવ જોવા મળે છે.ભારતમાં પ્રાચીન સમયમાં ત્રણ મોટા ધાર્મિક સંપ્રદાયો રહ્યા- વૈદિક, જૈન અને બૌદ્ધ. આ ત્રણેય સંપ્રદાયોમાં પોતપોતાની કથાઓ છે અને તે પણ વિપુલ પ્રમાણમાં. જેમનો ઉદ્દેશ ધાર્મિક તથ્યોનું વિવરણ કરવાનો ન હોઇ, ફકત વ્યાવહારિક ઉપદેશ આપવાનો હતો.[1] (૧) વૈદિક સાહિત્યમાં-સંવાદસૂકત તો પ્રખ્યાત છે જ પરંતુ તે ઉપરાંત સ્તુતિપરક સામાન્ય સૂકતોમાં પણ વિવિધ દેવાના વિષયમાં અનેક મનોરંજક અને શિક્ષાપ્રદ વ્યાખ્યાનો ઉપલબ્ધ થાય છે. આ આખ્યોનોની સૂચના યાસ્કના નિરુકત, શૌનકના બૃહદેવતા, વેદાર્થદીપિકા, સાયણના ભાષ્ય, દ્યાવેદ નામના ગુજરાતના વિદ્વાનના नीतिमञ्जरी નામના ગ્રંથમાં મળે છે. (૨) જૈન સાહિત્યમાં પ્રાકૃત, સંસ્કૃત અને અપભ્રંશમાં કથાઓની વિપુલતા પ્રાપ્ત થાય છે. જૈન ધર્મમાં કથાકોશ એક વિસ્તૃત અને વિશદ સાહિત્ય છે. (૩) બૌદ્ધ સાહિત્યમાં પાલિભાષામાં રચાયેલી મનોરંજન કથાઓ जातक ના નામથી પ્રસિદ્ધ છે. તેમનો ઉદ્દેશ્ય એ છે કે અનેક પશુયોનિઓમાં જન્મ લઇને તથા પરમિતાઓનો અભ્યાસ કરીને બુદ્ધત્વની પ્રાપ્તિ થાય છે. આ જાતક કથાઓની સંખ્યા ૫૫૦ છે[2] બૌદ્ધ ભિક્ષુકોએ પ્રાચીન સ્રોતોમાંથી કથાઓનું ચયન કર્યું પરંતુ પોતાના ધાર્મિક ઉદ્દેશ્ય માટે તે તે નીતિ કથાઓમાં તેમણે પરિવર્તન કરી દીધું.

**સંસ્કૃત કથા સાહિત્યનો પરિચયઃ-**

**બૃહત્કથા**

પ્રાચીન ભારતીય કથા સાહિત્યમાં બે કથાચક્ર ઉપલબ્ધ થાય છે- ૧. બૃહત્કથા અને ૨. પંચતન્ત્ર. તેમાં પૈશાચી ભાષામાં ગુણાઢ્ય દ્વારા રચાયેલ બૃહત્કથા મૂળરૂપમાં આજે ઉપલબ્ધ નથી. પરંતુ સંસ્કૃતમાં રચાયેલ પંચતંત્ર આજે પણ એ જ ભાષામાં પ્રાપ્ત થાય છે. બૃહત્કથામાં અદ્‌ભૂત યાત્રાવિવરણ તથા પ્રણયપ્રસંગોનું વર્ણન છે. જેના એક એક બુંદથી અનેક વિચિત્ર કથાઓ રચાઇ.

'सत्यं बृहत्कथाम्भोधेर्बिन्दुमादाय संस्कृताः ।
तेनेतरकथाः कन्था प्रतिभान्ति तदग्रतः ॥[3]

બૃહત્કથાના રચયિતા ગુણાઢ્ય સાતવાહન રાજયના દરબારના કવિ હતા. જેમનો સમય પહેલી કે બીજી સદીનો માનવામાં આવે છે. બાણભટ્ટે પણ બૃહત્કથાની પ્રશંસા કરી છે.

समुद्दीपितकन्दर्पा कृतगौरीप्रसाधना
हरलीलेव नो कस्य विस्मयाय बृहत्कथा ॥[4]

આ પદ્ય પરથી જણાય છે કે બૃહત્કથા 'કામકથા'ના રૂપમાં સંગૃહીત હતી. પાર્વતી-શંકરના સંવાદરૂપમાં તે લખવામાં આવી હતી. તેની ચમત્કારિતા અને સુંદરતાને લીધે અનેક વિદ્વાનોએ તેનો સંસ્કૃતમાં અનુવાદ કર્યો હતો. તેમાં **બૃહત્કથામંજરી**- કાશ્મીરી કવિ ક્ષેમેન્દ્રની રચના છે. ક્ષેમેન્દ્રનું લક્ષ્ય કથાઓને અલંકૃત શૈલીમાં રજૂ કરવાનું હતું. તેમાં ૧૮ લમ્બક/અધ્યાય છે. જેમાં મુખ્ય કથાની સાથે અવાન્તર કથાઓ કહેવામાં આવી છે. કથાનો નાયક છે વત્સરાજ ઉદયનનો પુત્ર નરવાહન દત્ત. તેણે ગન્ધર્વોનું ચક્રવર્તિત્વ પ્રાપ્ત કરી અનેક ગંધર્વકન્યા સાથે લગ્ન કર્યા હતા પરંતુ મુખ્ય પટરાણી છે મદનમજુંકા. જે કાલિંગદત્તની રાજપુત્રી છે. (બૃહત્કથામંજરીની અવાન્તર કથાનારૂપમાં **वेतालपञ्चविशतिः**ની રચના થઇ છે. **કથાસરિત્સાગર**- સંસ્કૃત કથાસાહિત્યનો શિરોમણિ ગ્રંથ છે. કાશ્મીરના પંડિત સોમદેવે ત્રિગર્ત (કુલ્લૂ કાંગડા)ના રાજાની પુત્રી, કાશ્મીરના રાજા અનંતની રાણી સૂર્યમતીના મનોવિનોદ માટે ઇ. ૧૦૬૩ અને ૧૦૮૧ની વચ્ચે આ ગ્રંથ લખ્યો. તેમાં ૧૮ લમ્બક(પરિચ્છેદ)/૧૨૪ તરંગ અને ૨૧૬૮૮ શ્લોક છે. બૃહત્કથાના અનુવાદોમાં આ અનુવાદ સર્વાધિક લોકપ્રિય છે. તેમણે મૂળકથામાં ફેરફાર કર્યા વિના કાવ્યના એટલા અંશને જોડયો છે જેનાથી કહાની/કથાના રસને હાનિ ન થાય. પાણ્ડિત્યના યશના લોભ માટે તેમનો આ પ્રયત્ન નથી. તેમનો ઉદ્દેશ્ય છે અનેક કથાઓના સમૂહને સરળતાથી સ્મૃતિ(સ્મરણ)માં રાખી શકાય.

औचित्यान्वयरक्षा च यथा शक्ति विधियते ।
कथारसाविघातेन काव्यांशस्य च योजना ॥
वैदग्धख्यातिलोभाय मम नैवायमुद्यमः ।
किन्तु नानाकथाजालस्मतिसौकर्यसिद्धये ।[5]

**पञ्चतन्त्रम्**

પંચતંત્રમાં જે કથાઓમાં સંગ્રહ છે તે ભારતમાં પ્રાચીન છે. તેના ભિન્ન ભિન્ન પ્રાન્તોમાં અનેક સંસ્કરણ થયા. પંચતંત્ર વિપુલ સાહિત્યનો પ્રતિનિધિ ગ્રંથ છે. તેમાં



Scanned with CamScanner

પાંચ તંત્ર છે -મિત્રભેદ, મિત્રલાભ, સન્ધિવિગ્રહકથા, લબ્ધપ્રણાશ તથા અપરીક્ષિતકારક. પ્રત્યેક તંત્રમાં મુખ્ય કથા તો એક જ છે પરંતુ તેના અંગોને પુષ્ટ કરવા અનેક ગૌણ કથાઓ કહેવામાં આવી છે. ગ્રંથકારનો ઉદ્દેશ સદાચાર અને નીતિનું શિક્ષણ આપવાનો છે. કહેવાય છે કે મહિલારોપ્ય નામના નગરમાં અમરકીર્તિ નામના રાજાના મૂર્ખ પુત્રોને વિદ્વાન્ અને નીતિસમ્પન્ન બનાવવા વિષ્ણુશર્મા નામના પંડિતે પંચતંત્રની રચના કરી હતી. તેમાં આખ્યાન અને કથાઓ જેટલી મહત્ત્વપૂર્ણ છે તેટલી જ મહત્ત્વપૂર્ણ ઉપદેશાત્મક સૂક્તિઓ છે. સૂક્તિઓ તીક્ષ્ણ અને અનુભવજન્ય છે. જેમ કે.

यदशक्यं न तच्छक्यं यच्छक्यं शक्यमेव तत्।
नोदके शकटं याति न नावा गम्यते स्थले॥

અર્થાત્- "જે અશક્ય છે તે ગમે તે કરીને પણ શક્ય નથી થઈ શકતું. પરંતુ શક્ય વસ્તુ સદા શક્ય જ રહે છે. પાણીમાં ક્યારેય ગાડું ચાલી શકતું નથી અને ન નાવડું સ્થળ (ભૂમિ) પર જઈ શકે છે."

सर्वाः सम्पत्तयस्तस्य सन्तुष्टं यस्य मानसम्।
उपानद्गूढपादस्य ननु चर्मावृतेव भूः॥

અર્થાત્- "સન્તુષ્ટ મનવાળા વ્યક્તિ માટે સર્વત્ર સંપત્તિઓ વિદ્યમાન રહે છે. ચામડાના જૂતાથી ઢંકાયેલા પગ વાળા પ્રાણીઓ માટે સમસ્ત પૃથ્વી ચામડાથી ઢંકાયેલી જ રહે છે." (૨/૭૧). હિતોપદેશ- પણ અત્યંત લોકપ્રિય ગ્રંથ છે. તેના રચયિતા નારાયણ છે. જે માણ્ડલિક રાજા ધવલચન્દ્રના આશ્રિત હતા. તેનો આધાર પંચતંત્ર છે. તેમાં ચાર ભાગ છે. મિત્રલાભ, સુહૃદ્ભેદ, વિગ્રહ અને સન્ધિ. તેમાં ૬૭૯ નીતિ વિષયક પદ્ય છે. જે મહાભારત, ધર્મશાસ્ત્ર વગેરેમાંથી લેવામાં આવ્યા છે. બાળકોને નીતિની શિક્ષા કથા દ્વારા આપવી તે હિતોપદેશનું લક્ષ્ય છે. कथाच्छलेन बालानां नीतिस्तदिह कथ्यते (१-८) सिंहासनद्वात्रिंशिका (सिंहासन बत्तीसी) (વિક્રમ ચરિત) તથા शुकसप्ततिः પણ કથાગ્રંથો છે.

**સંસ્કૃત કથા સાહિત્યમાં શૈક્ષણિક તત્ત્વ ચિંતન**

**શિક્ષા-**

કથાસરિત્સાગર પ્રમાણે જ્ઞાનના માર્ગમાં અહંકાર એ મોટું વિઘ્ન છે. જ્ઞાન વિના સો વ્રત કરો પણ મુક્તિ પ્રાપ્ત થતી નથી. આથી શિક્ષાનો અર્થ છે. - 'મુક્તિ'.

ज्ञानमार्गे ह्यहंकारः परिघो दुरतिक्रमः।
ज्ञानं विना च नास्त्येव मोक्षो व्रतशतैरपि॥

જેનું ઉદાહરણ છે કથાસરિત્સાગરનું સિકતાવૃત્તાન્ત. (પ્રતિષ્ઠાન નામનું નગર-તપોદત્ત નામનો બ્રાહ્મણ-આત્મજ કહે વિદ્યા અધ્યયન ન કર્યું. -લોકોએ તપ- કરવાનું તપ રોકવા બ્રાહ્મણ વેશે આગમન- ગંગાતટીના પ્રવાહમાં સિકતાઓવડે-સેતુનિર્માણ અશક્ય તેમ તપથી વિદ્યા પ્રાપ્તિ પણ અશક્ય. આ કથાથી વિદ્યાનો અર્થ 'અધ્યયન' એવો થાય. વ્યવહાર જ્ઞાન જેમ કે चतुर्णां ब्राह्मणभ्रातॄणां कथा। કુસુમપુરનગર- વિષ્ણુસ્વામી- તેના ચાર પુત્રો. પંચતંત્ર પ્રમાણે શિક્ષાવિહીન મનુષ્યનો જન્મ વ્યર્થ છે. મૂર્ખ મનુષ્ય કરતા તેનો જન્મ ન થાય તે વધારે સારું.

अजात-मृत मूर्खेभ्यो मृताऽजातौ सुतौ वरम्।
यतस्तौ स्वल्पदुःखाय यावज्जीवं जडो दहेत्॥

જેમ જે ગાય વાછરડાને જન્મ આપતી નથી તે દુગ્ધદા બનતી નથી, તે નિરર્થક બને છે તેમ અવિદ્વાન્ એવા પુત્રનો જન્મ પણ નિરર્થક છે.

किं तया क्रियते धेन्वा या न सूते न दुग्धदा।
कोऽर्थः पुत्रेण जातेन, यो न विद्वान् न भक्तिमान्॥

આથી સિદ્ધ થાય છે કે મનુષ્ય જીવનમાં શિક્ષા ઘણી જ મહત્ત્વની છે. આમ શિક્ષા જ જ્યોતિ છે. જેનાથી આ જીવન આલોકિત થાય છે. હિતોપદેશ અનુસાર શિક્ષા એટલે નીતિશાસ્ત્રમાં નૈપુણ્ય, વાણીમાં પ્રવીણતા અને સંસ્કૃતભાષામાં દક્ષતા.

श्रुतो हितोपदेशोऽयं पाटवं संस्कृतोक्तिषु।
वाचां सर्वत्र वैचित्र्यं नीतिविद्यां ददाति॥

**શિક્ષાના ઉદ્દેશ**

મુક્તિ એ શિક્ષાનો ઉદ્દેશ્ય પણ તેના માટે જ્ઞાનપ્રાપ્તિ આવશ્યક છે. જેમકે. કથાસરિત્સાગરમાં મૂર્ખ સામવેદી બ્રાહ્મણનું વૃત્તાન્ત (સુપ્રતિષ્ઠત નગર- બ્રાહ્મણને દાનમાં આઠ સુવર્ણમુદ્રા-વિટની સલાહ- - ચતુરિકા નામની વેશ્યા પાસે જવાની સલાહ- અને લોક વ્યવહારની નિપુણતા શીખવ-લોકો હસવા લાગ્યા-ઊંચા અવાજે સામગાન કરવા લાગ્યો તે સાંભળીને વેશ્યો વિટ વગેરે ભેગા થયા. આ શિયાળ ને અર્ધચંદ આપીને બહાર કાઢે. अर्धचन्द्रं बाणं मत्वा મેં લોકવ્યવહાર શીખ્યો. પાછો વીટ પાસે ગયો વૃત્તાન્ત કહ્યો-અરે મૂર્ખ સામ એટલે શાંતિથી પ્રેમથી વર્તવાનું - વિટના કહેવાથી સુવર્ણ પાછું આપ્યું. આમ શિક્ષાનો ઉદ્દેશ વ્યવહાર જ્ઞાન પ્રાપ્તિ છે. પંચતંત્ર પ્રમાણે શિક્ષણનો ઉદ્દેશ્ય છે- જીવનને સફળ બનાવવું. તે માટે પણ વ્યાવહારિક જ્ઞાન આવશ્યક છે. શિક્ષાપ્રાપ્તિનો ઉદ્દેશ છે.- મનુષ્યની વિચારશક્તિ, બુદ્ધિનો વિકાસ. જેમ કે પંચતંત્રની અપરિક્ષિતકારકની सिंहकारकमूर्ख-ब्राह्मणकथा। આમ, પંચતંત્ર પ્રમાણે પુસ્તકીયા જ્ઞાનની

સાથે વ્યવહારજ્ઞાન પણ આવશ્યક છે, જેનાથી સંસારમાં સફળતા પૂર્વક જીવનયાપન શકય બને છે. હિતોપદેશ પ્રમાણે જેમ ઘાસ-પાંદડા વગેરે તુચ્છ વસ્તુઓ માટે સમુદ્રપ્રાપ્તિ દુષ્કર છે. પરંતુ નદીના સંગમથી તે વસ્તુઓ સરળતાથી સમુદ્રને પ્રાપ્ત કરે છે, તેમ સામાન્ય લોકો માટે રાજા દુષ્પ્રાપ્ય છે, પરંતુ વિદ્યાપ્રાપ્તિથી સામાન્ય મનુષ્ય પણ દુષ્પ્રાપ્ય એવા રાજાની કૃપા પ્રાપ્ત કરે છે. માટે ઇચ્છિત સ્થાન પ્રાપ્તિ માટે વિદ્યાભ્યાસ કરવો જોઇએ.

संयोजयति विद्यैव नीचगापि नरं सरित्।
समुद्रमिव दुर्धर्षं नृपं भाग्यमतः परम्।
विद्या ददाति विनयं विनयाद् याति पात्रताम्।
पात्रत्वात् धनमाप्नोति धनात् धर्मं ततः सुखम् ॥[११]

વિદ્યાનો બીજો પણ ઉદ્દેશ્ય છે- संशयच्छेदनम्। संशयात्मा विनश्यति । આથી શાસ્ત્રોનું જ્ઞાન સંશયોનું નિવારણ કરવા માટે અને પરોક્ષ અર્થાત્ ગુપ્ત અર્થના દર્શન માટે હોય છે.

अनेकसंशयोच्छेदि परोक्षार्थस्य दर्शकम्।
सर्वस्य लोचन शास्त्रं यस्य नास्त्यन्ध एव सः। [१२]

**શિક્ષણ વિધિ**

શિક્ષણપ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ તત્ત્વ હોય છે શિક્ષણ વિધિ. કારણ કે કાર્યની સફળતા માટે યોગ્ય પદ્ધતિ આવશ્યક છે. જેમકે કથાસરિત્સાગરમાં શ્રવણવિધિનું વર્ણન. વરરુચિના બાલ્યકાળમાં બે બ્રાહ્મણ અતિથિ પધાર્યા. વરરુચિ એકવાર સાંભળીને હદયમાં ધારણ કરે છે એવું તેની પ્રતિભા વિશે જાણ્યું ત્યારે તેમણે એકશ્રુતધર એવા વરરુચિની પરીક્ષા કરવા તેને પ્રાતિશાખ્ય ભણાવ્યા પછી વરરુચિએ સમગ્ર પ્રાતિસાખ્ય તેમની સમક્ષ સંભળાવ્યું.

विज्ञासार्थमथाभ्यां मे प्रतिशाख्यमपठत।
तथैव तन्मया सर्वं पठितं पश्यतोस्तयोः ॥[१३]

મૂર્તથી અમૂર્ત શિક્ષણનો સિદ્ધાન્ત પણ કથાસરિત્સાગરના પૂર્વોક્ત સિકતાસેતુની કથામાં જોવા મળે છે.

સિંહાસન દ્વાવિંશિકાનુસાર... ચર્ચા વિધિથી પણ જ્ઞાન પ્રાપ્તિ થાય છે. उक्तं च

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम्।
व्यसनेन च मूर्खाणां निद्रया कलहेन वा ॥[१४]

પંચતંત્રએ નવી પદ્ધતિ આપી તે છે, કથાવિધિ. કથાના માધ્યમથી શિક્ષણ આપીને મૂર્ખને પણ વિદ્વાન્ બનાવી શકાય. સુકોમળ એવા બુદ્ધિવાળા બાળકોને શિક્ષણ પ્રદાન કરવાની આ ઉત્તમ પદ્ધતિ છે. આ પદ્ધતિને હિતોપદેશ પણ માને છે. હિતોપદેશ ક્રિયા આધારિત શિક્ષણની વાત કરે છે. જેમ વિધવા સ્ત્રી માટે આભૂષણ નિરર્થક બને છે તેમ ક્રિયા વિના શિક્ષણ નિરર્થક બને છે.

अवशेन्द्रियचित्तानां हस्तिस्नानमिव क्रिया।
दुर्भागाडडभरणप्रायो ज्ञानं भारः क्रियां विना ॥[१५]

હિતોપદેશ સ્વાધ્યાય વિધિનો પણ ઉલ્લેખ કરે છે. અંજનનો થોડા થોડા પ્રયોગથી ક્ષય અને વલ્મીક (રાફડા) નો થોડું થોડું કરીને જે સંચય થાય તે જોઇને મનુષ્યે પ્રતિદિન દાન અને અધ્યયન વગેરે કર્મ કરવું જોઇએ.

अञ्जनस्य क्षयं दृष्ट्वा वल्मीकस्य च सञ्चयम्।
अवन्ध्यं दिवसं कुर्याद्दानाध्ययनकर्मसु ॥[१६]

**પાઠયક્રમ-**

શિક્ષણ આપવા કોઇ યોજનાની આવશ્યકતા હોય છે. શિક્ષા આપવા જે યોજના કરવામાં આવે તે પાઠયક્રમ છે. જ્ઞાન તો મોટો સમુદ્ર છે, તેથી પંચતંત્ર કહે છે જે સારભૂત હોય તેનું ગ્રહણ કરવું જોઇએ. अनन्तपारं किल शब्दशास्त्र स्वल्पं तथायुर्बहवश्च विघ्नाः ।

પંચતંત્ર વ્યાવહારિક વિદ્યા પર જોર આપે છે. તેથી પાઠ્યક્રમમાં એવા વિષયોનો વિનિયોગ કરવો જોઇએ કે જેનાથી લોકોને વ્યવહારમાં નિપુણતા પ્રાપ્ત થાય. જેમકે રાજનીતિશાસ્ત્ર, નૈતિકશિક્ષા, શારીરિક શિક્ષા, કલા, સમાજશાસ્ત્ર, ગણિત, વિજ્ઞાન, ભૂગોળ, અર્થશાસ્ત્ર વગેરે.... હિતોપદેશ પ્રમાણે બે પ્રકારની વિદ્યાઓનો પાઠ્યક્રમ હોવો જોઇએ-શાસ્ત્રવિદ્યા અને શસ્ત્રવિદ્યા. તેમાં શાસ્ત્રવિદ્યા શ્રેષ્ઠ છે કારણ કે શાસ્ત્રવિદ્યા વૃદ્ધાવસ્થામાં હાસ્યાસ્પદ બને છે, પરંતુ શસ્ત્રવિદ્યાનું ગ્રહણ ગમે ત્યારે કરી શકાય.

विद्या शस्त्रस्य शास्त्रस्य द्वे विद्ये प्रतिपत्तये।
आद्या हास्याय वृद्धत्वे द्वितीयाद्रियते सदा ॥[१७]

**ગુરુ, શિષ્ય અને તેમનો સંબંધ-**

ગુરુ શિષ્યની શકિત જોઇને તેને ભણાવતા. કથાસરિત્સાગર કહે છે તે પ્રમાણે હું વરરુચિ એક વારમાં ગ્રહણ કરું છુ, વ્યાડિ બે વારમાં અને ઇન્દ્ર ત્રણ વારમાં ગ્રહણ કરે છે.

सकृच्छुतं मया तत्र द्विः श्रुतं व्यडिना तथा
त्रिश्रुतं चेन्द्रदत्तेन गुरुणोक्तमगृह्यत ॥[१८]

જયાં સુધી શિષ્ય ગ્રહણ ન કરે ત્યાં સુધી ગુરુ ભણાવતા. વળી જ્ઞાનપ્રદાનમાં કોઇ પણ ગુરુ બની શકે. જેમ સોમપાઠી બ્રાહ્મણ માટે વેશ્યા ગુરુ. કથાસરિત્સાગરમાં આલજાલ કથામાં કુટ્ટિની ગુરુ છે. શિષ્ય જો અસફળ થાય તો તેમાં ગુરુનો દોષ ગણાય તેવું આ વાર્તામાં સ્પષ્ટ થાય



Scanned with CamScanner

છે. ગુરુ ક્ષમા આપનાર હોવા જોઈએ જેમ કે મૂર્ખ શિષ્યોની કથાસરિત્સાગરની કથા. ગુરુની શિક્ષા ત્યારે જ સફળ થાય જ્યારે તેમને યોગ્ય શિષ્ય મળે. કથાસરિત્સાગર કહે છે કે પ્રાજ્ઞ વ્યક્તિએ ક્યારેય મૂર્ખ શિષ્ય ન સેવવા. તેમને ઉપદેશ આપવાથી બંને લોકનો નાશ થાય છે.

द्वौ लोकौ नाशयन्त्ये मूर्खा मूर्खोपदेशतः ।
तस्मान्मूर्खान्न सेवेत प्राज्ञः सेवेत पण्डितान् ॥"

પંચતંત્રનો રચનાકાર ગુરુ કેવો ? જ્યારે વિષ્ણુશર્માને બોલાવી રાજા પોતાના પુત્રોને વિદ્વાન્ બનાવવા કહે છે ત્યારે વિષ્ણુશર્મા રાજાને જણાવે છે કે नाहं विद्याविक्रयं शासनशतेनापि करोमि । नाहमर्थलिप्सुर्ब्रवीमि આ બધાથી જ્ઞાન થાય કે તે ધનલોલુપ ન હતા, વિદ્યાવિક્રય ન કરતા, દૃઢપ્રતિજ્ઞ હતા, નિર્ભીક હતા, વિદ્યાપ્રદાન પોતાનું કર્તવ્ય સમજતા હતા, મહાવિદ્વાન્ હતા, નૂતનવિધિના જાણકાર હતા. તેથી તો છ માસમાં વિદ્વાન્ બનાવવાની પ્રતિજ્ઞા કરી લીધી. આ ગુણો આધુનિક શિક્ષકોએ પણ ગ્રહણ કરવા જોઈએ. શિષ્ય સત્પાત્ર હોવા જોઈએ - જેમ કે सूचीमुखवानरकथा । મૂર્ખને ઉપદેશ આપવાથી તેમની શાન્તિ થતી નથી પરંતુ ક્રોધ વધે છે.

उपदेशो हि मूर्खाणां प्रकोपायन शान्तये ।
पयः पान भुजङ्गानां केवलं विषवर्धनम् ।

આમ શિક્ષા ત્રિધ્રુવી પ્રક્રિયા છે તેવું જોન ડી.વી. મહોદય કહે છે. આ ત્રણ ધ્રુવ છે- गुरुः शिष्यः पाठ्यचर्या । આ બધા કથા ગ્રન્થોના આધારે ગુરુશિષ્યના સંબંધો પણ મધુર હોવાનું જણાય છે. વિદ્યાપ્રાપ્તિ માટે શિષ્યો ગુરુ પાસે વિનમ્રપૂર્વક જતા. ગુરુ પણ ઇચ્છતા पुत्रात् शिष्यात् पराजयमिच्छेत् । શિક્ષણ સંસ્થાઓ પણ બધા બાળકોને સમાન રૂપથી પક્ષપાત વિના શિક્ષણ આપે તેવી હોવી જોઈએ. જ્યાં સુધી વિદ્યાધ્યયન ચાલતું ત્યાં સુધી છાત્ર શિક્ષણ સંસ્થામાં જ રહીને ભણતો. લેખિત કોઈ ડિગ્રી/પદવી નહિ. ગુરુને લાગે અને યોગ્યતા જણાય ત્યારે તેને આચાર્ય બનાવતા. કથાગ્રંથોની આ કથાઓ નૈતિકશિક્ષા, પરોપકાર, ધૈર્ય, પરિશ્રમ, સત્ય સામાજિક શિક્ષણ વગેરેનો ઉપદેશ આપનારી છે. તે કથાઓ વિશ્વબન્ધુતા, સ્વદેશ પ્રેમ, અહિંસા, ધર્મ, સત્સંગતિ, દાન, કૃતજ્ઞતા વગેરે જેવા તત્ત્વોની સાથે આધ્યાત્મિક શિક્ષણ પણ મનોરંજનની સાથે સાથે આપે છે.

સંદર્ભ


૧ संस्कृत साहित्य का इतिहास- आचार्य बलदेव उपाध्याय कथासाहित्य पृ. ४३२-४३४ ।
२ संस्कृत साहित्य का इतिहास- आचार्य बलदेव उपाध्याय कथा साहित्य पृ. ४-३४-४३४
३ तिलकमंजरी-धनपाल
४ हर्षचरितम्- पद्य-१७
५ कथासरित्सागरः १-११-१२
६ हितोपदेशः १-८
८ पञ्चतन्त्रम् कथामुखम्-४
९ पञ्चतन्त्रम्- कथामुखम्- ६
१० हितोपदेशः प्रस्तावना-२
११ हितोपदेशः प्रस्तावना पृ.६
१२ हितोपदेश- प्रस्तावना-१०
१३ कथासरित्सागरः १-२-३८
१४ सिंहासनद्वात्रिंशिका-३
१५ हितोपदेशः १-१८
१६ हितोपदेशः २-१२
१७ हितोपदेशः प्रस्तावना
१८ कथासरित्सागरः १-२-८०
१९ कथासरित्सागरः १०-६-१७७


ग्रन्थाः


१ संस्कृत साहित्य का इतिहास-आचार्य बलदेव उपाध्याय - शारदा निकेतन वाराणसी
२ कथासरित्सागरः-सोमदेवः, बिहार राष्ट्रभाषा परिषद, पटना, १९६०
३ पञ्चतन्त्रम्- विष्णुशर्मा, चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी।
४ हितोपदेश-नारायणपण्डित, निर्णयसागर प्रेस मुम्बई १९४७
५ सिंहासनद्वात्रिंशिका- जीवानन्द विद्यासागर-पङ्कज पब्लिकेशन, दिल्ली- २००३
६ शिक्षा में नवचिन्तन-सिंह राजपाल, विनोद पुस्तक मन्दिर आधार- १९८३
७ संक्षेप पञ्चतन्त्रम्- डॉ. विश्वास, संस्कृतभारती बेङ्गलूरू (द्वौ भागौ)
८ संक्षेप-शुकसप्ततिः, डॉ. विश्वासः संस्कृतभारती, बेङ्गलूरू



(આસિ. પ્રોફેસર, અનુસ્નાતક સંસ્કૃત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, મો:૯૮૭૯૮૩૪૦૭૧)





Scanned with CamScanner